# BUSINESS મિત્ર

## સેન્સેક્સમાં 367 પોઇન્ટનો ઘટાડો નોંધાયો, નિફ્ટી 26050ની નીચે સરકી

# બજાર તૂટતા રોકાણકારોને એક લાખ કરોડ રૂપિયાનું નુકશાન

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 26:** ભારતીય શેરબજારમાં સપ્તાહના અંતિમ તબક્કામાં ઘટાડો આગળ વધ્યો હતો. શેરબજારમાં નરમાઈ આગળ વધી હતી, પણ સેન્સેક્સ 85000 પોઈન્ટ અને નિફ્ટી 26000 પોઈન્ટ અને બેન્ક નિફ્ટી 59000 પોઈન્ટની સપાટી ટકાવી રાખી હતી. વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચાણ અને ભારતીય રૂપિયામાં ઘટાડાને કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ નબળું પડ્યું હતું. આ સિવાય ક્રુડ ઓઈલમાં ઉછાળો અને પસંદગીના સેક્ટરોમાં નફાખોરીને કારણે બજારો પણ દબાણ હેઠળ હતા.

બ્રોડર માર્કેટમાં નજીવો ઘટાડો જોવાયો હતો. જોકે, લાર્જકેપ શેરોની સરખામણીએ બ્રોડર માર્કેટમાં ઓછો ઘટાડો જોવાયો હતો. સેક્ટર વાઈઝ જોઈએ તો મેટલ અને કોમોડિટીઝને છોડીને તમામ સેક્ટરો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જ્યારે ડિફેન્સ અને રેલવે સેક્ટરમાં ધીમો સુધારો જોવાયો હતો. જ્યારે સૌથી વધુ ઘટાડો આઈટી, ટેલિકોમ અને ઓટો શેરોમાં જોવા મળ્યો હતો.બેન્ક, કેપિટલ ગુડઝ અને ફાર્મા શેરોમાં પણ ઘટાડો જોવાયો હતો.

બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ ઘટીને રૂ. 473.94 લાખ કરોડનો જોવાયો હતો. જે માર્કેટ કેપ રૂ. 1.06 લાખ કરોડનો ઘટાડો થયો છે.

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 367.25 પોઈન્ટ એટલે કે 0.43 ટકા ઘટીને 85041.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. જોકે, 85000 પોઈન્ટની સપાટી ટકાવી દીધી છે. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85378 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84937 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 99.80 પોઈન્ટ એટલે કે 0.38 ટકા ઘટીને 26000 પોઈન્ટની સપાટી કુદાવીને 26.042.30 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 26144 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 26008 પોઈન્ટ સુધી ઘટી હતી. આજે ઈન્ટ્રાડેમાં પણ નિફ્ટી 26000 પોઈન્ટની સપાટી ટકાવી રાખી હતી. બેન્ક નિફ્ટી 172.25 પોઈન્ટ એટલે કે 0.29 ટકા ઘટીને 59011.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જોકે, બેન્ક નિફ્ટીએ 59000 પોઈન્ટની સપાટી ટકાવી રાખી હતી.

બીએસઈ ખાતે પેજ ઈન્ડ. 40.63 ગણા, એસઆરએફ લિ. 8.33 ગણા, રેલ વિકાસ નિગમ લિ. 7.61 ગમા, ઈન્ડિયન એક્સચેન્જ એક્સચેન્જ 3.47 ગણા, ટીટાગઢ રેલ સીસ્ટમ 3.32 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એમએમટીસી 32.74 ગણા, રેલ વિકાસ નિગમ લિ. 11.46 ગણા, કરૂર વૈશ્ય બેન્ક 9.25 ગણા, આઈઆરસીટીસી 8.21 ગણા, આઈઆરએફસી 7.66 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ નરમાઈ જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.18 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.34 પોઈન્ટ ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથમાં નબળું પ્રદર્શન જોવાયું હતું. બીએસઈ ખાતે 1749 શેરો વધ્યા હતા, જ્યારે 2449 શેરો ઘટ્યા હતા અને 181 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 1.03 ટકા ઘટ્યા હતા. જે છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં 2.32 ટકા ઘટ્યા હતા. જેમાં કોફોર્જ, એલટીઆઈ માઈન્ડટ્રી, એમફાસીસ, ટીસીએસ, ટેક મહિન્દ્રા, પરસીસ્ટન્ટ સીસ્ટમ, એચસીએલ ટેકનો, વિપ્રો, ઈન્પોસીસ અને ઓરેકલ ફાઈ. સર્વિસીસ સોફ્ટવેર ઘટ્યા હતા.

બોકસીંગ ડેની રજાને કારણે યુરોપિયન બજારો બંધ રહ્યા હતા. જ્યારે એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. ઘણા પ્રાદેશિક એકસચેન્જો પણ રજા માટે બંધ હતા. ચાંદીના ભાવમાં સતત વધઆરો થયો હતો અને બુધવારે રેકોર્ડ નોંધ્યા પછી બીજી ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. શુક્રવારે સ્પોટ સીલ્વર 4 ટકાથી વધુ ઉછળીને 74.89 ડોલર પ્રિત ઔંસની ઓલટાઈ હાઈ પર પહોંચ્યો હતો. આજે હોંગસોંગ અને ઓસ્ટ્રેલિયાના બજારો બંધ રહ્યા હતા.

એશિયન બજારોમાં નીક્કી 0.55 ટકા, સ્ટ્રેઈટસ સપાટ, તાઈવાન 0.64 ટકા, કોસ્પી 0.51 ટકા અને શાંઘાઈ 0.10 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયામાં નરમાઇ આગળ વધી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 26:** કરન્સી બજારમાં રૂપિયો વધુને વધુ તૂટતો જોવા મળ્યો છે, જે આજે 90ની તરફ આગેકૂચ કરતો જોવા મળ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 7 પૈસા વધુ ઘટીને 89.85ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 89.78ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 105.70, પાઉન્ડ 121.41, કેનેડિયન ડોલર 65.58, ઓસ્ટ્રેલિયન ડોલર 60.20, જાપાનીઝ યેન 0.5746 અને સીંગાપોર ડોલર 70.19ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 89.65 રૂ. |
| યુરો | 105.47 રૂ. |
| પાઉન્ડ | 121.14 રૂ. |
| યેન | 0.5746 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -367.25 | 85041.45 |
| નિફ્ટી | -99.80 | 26042.30 |
| બેન્ક નિફ્ટી | -172.25 | 59011.35 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 2.12 | 3992.00 |
| હિન્દાલ્કો | 0.98 | 872.90 |
| સીપલા | 0.65 | 1506.00 |
| એનટીપીસી | 0.48 | 324.10 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.26 | 11794.00 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 1.40 | 2746.50 |
| શ્રીરામ ફાઇનાન્સ | 1.38 | 960.25 |
| ટેક મહિન્દ્રા | 1.18 | 1612.30 |
| ટીસીએસ | 1.18 | 3280.00 |
| સન ફાર્મા | 1.01 | 1719.50 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 2.13 | 3991.65 |
| એનટીપીસી | 0.45 | 324.05 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.29 | 11794.90 |
| એચયુએલ | 0.12 | 2285.55 |
| એક્સીસ બેન્ક | 0.11 | 1228.05 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 1.48 | 999.80 |
| એશિયન પેઇન્ટસ | 1.41 | 2746.20 |
| ટીસીએસ | 1.22 | 32779.80 |
| ઇટર્નલ | 1.12 | 281.60 |
| સન ફાર્મા | 1.05 | 1719.20 |

## SUV માર્કેટમાં મારૂતિનો દબદબો ઘટ્યો, ટાટા-મહિન્દ્રાનું વેચાણ વધ્યું

**2024માં** ટાટા પંચે બાજી મારી, વેચાણમાં ટોપ પ્રથમ સ્થાને બની, બીજા ક્રમે હુન્ડાઇ અને ત્રીજા ક્રમે ટાટા મોટર્સની નેક્સન રહી હતી

નવી દિલ્હી, તા. 26 : ભારતમાં સૌથી વધુ વેચાતી 10 કારની યાદીમાં મોટો ફેરફાર થયો છે. આ યાદીમાં મારુતિ સુઝુકીનું દબદબો ઘટી રહ્યું છે અને હરીફ કંપનીઓ વધી રહી છે. 2021માં, આ યાદીમાં મારૂતિ સુઝુકીના 8 મોડલનો સમાવેશ થાય છે. નવેમ્બરમાં આ સંખ્યા ઘટીને 6 થઇ ગઇ છે. આ ટોપ 10 લિસ્ટમાં હ્યુન્ડાઈની હાજરી યથાવત છે. ટાટા મોટર્સ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ તેમની સ્થિતિ મજબૂત કરી છે.

ટોપ 10 લિસ્ટમાં, ટાટા મોટર્સના બે મોડલ 2022થી હાજર છે. મહિન્દ્રા-મહિન્દ્રા 2024માં આ યાદીમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યો. મોટો ફેરફાર 2024માં આવ્યો હતો, જ્યારે ટાટા મોટર્સની મિની એસયુવી પંચે મારૂતિ સુઝુકીના ચાર દાયકાના શાસનનો અંત લાવ્યો હતો. પંચ વાર્ષિક વેચાણ યાદીમાં પ્રથમ સ્થાને પહોંચનારી પ્રથમ કાર હતી, જે મારુતિ સુઝુકીની નહોતી. આ સ્થિતિ 2025માં પણ ચાલુ રહી હતી. જાન્યુઆરી-નવેમ્બરના સમયગાળા દરમિયાન હ્યુન્ડાઈની ક્રેટા બીજા સ્થાને અને ટાટા મોટર્સની નેક્સન ત્રીજા સ્થાને રહી હતી. આ સાથે મારૂતિનું શાસન આ યાદીમાં ટોપ 5માં સમાપ્ત થયું. 2025માં, મારૂતિની ડિઝાયર, વેગનઆર, અર્ટિગા, સ્વિફ્ટ, ફ્રોન્ક્સ અને બ્રેઝાને આ ટોપ 10 સૂચિમાં શામેલ કરવામાં આવ્યા હતા. આ યાદીમાં ટાટા મોટર્સની નેક્સન અને પંચનો સમાવેશ થાય છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

## હિન્દુસ્તાન કોપરે 15 વર્ષનો વિક્રમ તોડ્યો, 8 ટકાનો ઉછાળો નોંધાયો

મુંબઇ, તા. 26: હિન્દુસ્તાન કોપરના શેરમાં આજે શાનદાર ઉછાળો જોવા મળ્યો હતો. સરકારી કંપનીનો શેર દિવસ દરમિયાન લગભગ 8 ટકા વધીને 473 રૂપિયા પર પહોંચી જતા છેલ્લા 15 વર્ષમાં એટલે કે નવેમ્બર 2010 પછીનું તેનું સર્વોચ્ચ સ્તર છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તાંબાના ભાવ નવા ઊંચા સ્તરે પહોંચવાનો સીધો ફાયદો આ શેરને મળી રહ્યો છે.

હિન્દુસ્તાન કોપર નિફ્ટી મેટલ ઈન્ડેક્સનો સૌથી વધુ વધતો શેર હતો. આ સમય દરમિયાન, નિફ્ટી મેટલ ઈન્ડેક્સ લગભગ 0.2 ટકાના વધારા સાથે ટ્રેડ કરતો જોવા મળ્યો હતો. હિન્દુસ્તાન કોપરના શેરમાં એકલા છેલ્લા એક અઠવાડિયામાં લગભગ 21 ટકાનો ઉછાળો આવ્યો છે, જે ડિસેમ્બર 2023 પછીનું તેનું સૌથી મજબૂત સાપ્તાહિક પ્રદર્શન છે. વર્ષ 2025માં અત્યાર સુધીમાં હિન્દુસ્તાન કોપરના શેરમાં લગભગ 89 ટકાનો ઉછાળો આવ્યો છે. નિફ્ટી મેટલ ઈન્ડેક્સના તમામ શેરોમાં આ શ્રેષ્ઠ પ્રદર્શન છે. આ જ સમયગાળામાં મેટલ ઈન્ડેક્સમાં એકંદરે લગભગ 24 ટકાનો વધારો થયો છે. શુક્રવારે ચીનના શાંઘાઈ ફ્યુચર્સ એક્સચેન્જ પર કોપરના ભાવ 2.7 ટકા વધીને 98780 યુઆન પ્રતિ ટન થયા હતા. તે જ સમયે, યુએસ કોમેક્સ પર કોપરનો ભાવ 3 ટકા વધીને 5.743 ડોલર પ્રતિ પાઉન્ડ થયો છે, જે જુલાઇ પછીનું સૌથી ઊંચું સ્તર છે. ભારતમાં પણ એમસીએક્સ પર જાન્યુઆરી ડિલિવરી માટે કોપરની કિંમત શુક્રવારે 3.5 ટકા વધીને 1,216.05 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઈ રહી હતી. ટ્રેડિંગ દરમિયાન તે 1,223.3 રૂપિયા પ્રતિ કિલોની નવી વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો. બજારના નિષ્ણાતો કહે છે કે સપ્લાય અવરોધો અને આગામી વર્ષમાં યુ.એસ.માં વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાઓ તાંબાના ભાવને મજબૂત બનાવી રહી છે.

## ભાગીદારીમાંથી છૂટા થતાં કેપિટલ ગેઈન ટેક્ષ

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

**A.Y.2021-22 થી ધરખમ ફેરફારો**

A.Y. 2020-21 સુધી પ્રવર્તમાન કલમ-45(4)ની જોગવાઈ મુજબ ભાગીદારી પેઢી કે A.O.P.ના વિસર્જન સમયે કરાતી મૂડી-રૂપી મિલકતોની વહેંચણીના વ્યવહારને ટ્રાન્સફર ગણીને આવો વિસર્જનની તારીખના રોજ વહેંચણી કરાતી મિલકતોની બજાર કિંમત નક્કી કરવામાં આવે છે અને એને ટ્રાન્સફર સંબંધી અવેજ ગણીને આવી ચોપડે મિલકતોની ખરીદ કિંમત બાદ કરતા કેપિટલ ગેઈન LTCG, અથવા STCG ઉપર ભાગીદારી પેઢીએ કેપિટલ ગેઈન ટેક્સ ભરવો પડે છે.

હવે આ જૂની પ્રવર્તમાન કલમમાં ભાગીદારી પેઢીમાંથી નિવૃત્ત થતા અથવા ભાગીદારી પેઢીના પુનર્ગઠનના કિસ્સાઓ જેવા કે નફા-નુકશાનના હિસ્સામાં ફેરફાર વિગેરે અંગે સ્પષ્ટતાઓ ન હતી. આ છટકબારી બંધ કરવાના આશય થી A.Y.2021-22 થી નવી બે કલમ-9 B અને 45(4) અમલી બની.

**કલમ-9 B**

ભાગીદારી પેઢીના વિસર્જન અથવા પુનઃરચના (Reconstitution) વખતે છૂટા થનાર ભાગીદારોને મૂડી-રૂપી મિલકત અથવા સ્ટોક આપવામાં આવે તો ભાગીદારી પેઢીએ કેપિટલ ગેઈન ટેક્ષ ભરવો પડે છે. ભાગીદારીની પુનઃરચનામાં એક કે વધારે ભાગીદારો છૂટા થાય, ચાલુ રહેતા ભાગીદારો સાથે નવા ભાગીદારો જોડાય, ભાગીદારોના નફા-નુકસાનના હિસ્સામાં ફેરફારો થાય એવા ફેરફારો પણ સમાવિષ્ટ છે. પરંતુ આવા ત્રણ ફેરફારોમાં ભાગીદારી-પેઢીની મૂડી-રૂપી મિલકત અથવા સ્ટોકની પણ ટ્રાન્સફર થાય તો જ કેપિટલ ગેઈન ટેક્ષનો સવાલ ઊભો થશે. અગાઉના અંકોમાં આપણે કેપિટલ ગેઈન ટેક્ષની જવાબદારી અંગે જોયું હતું.

આ અંકમાં આપણે જોશું કે આ કલમ અમલમાં હોવા છતાં ક્યા સંજોગોમાં કેપિટલ ગેઈન ટેક્ષ લાગે નહિ.

ધારો કે ભાગીદારીની નિવૃત્તિ (Retirement) સમયે ચાલુ રહેનાર ભાગીદારે છૂટા થનાર ભાગીદારને પોતાના પર્સનલ ફંડમાંથી અથવા પેઢીમાંથી પોતાના મૂડી ખાતે ઉપાડીને ચૂકવી દીધી તો આ સંજોગોમાં કલમ-9B અંતર્ગત કોઈ ટેક્ષ લાગશે નહિ. વળી કલમ-45(4) પણ લાગશે નહિ. પરંતુ આ રકમ છૂટા થનાર ભાગીદારની કલમ-56 (2) (X) મુજબ અન્ય સ્ત્રોતની આવકમાં કરપાત્ર થશે. પરંતુ છુટા થનાર ભાગીદાર અને ચાલુ રહેનાર ભાગીદાર એક બીજાના સંબંધી (Relative) હોય તો આ રકમ કરપાત્ર થશે નહિ.

» છૂટા થનાર ભાગીદારે નિવૃત્તિ સમયે મળતી રકમ લેવાને બદલે લોન તરીકે રૂપાંતરિત કરીને પેઢીમાં જ ચાલુ રાખવાનું સ્વીકાર્યું હોય તો પણ હકિકતમાં મૂડી-રૂપી મિલકત કે સ્ટોકનું અથવા પૈસા (Money) નો કોઈ વ્યવહાર થતો નહિ હોય કેપિટલ ગેઈન ટેક્ષ લાગશે નહિ.

» ભાગીદારી પેઢીમાંથી સ્થાવર મિલકત લઈ જાય તો કલમ-45 (4) મુજબ કેપિટલ ગેઈન ટેક્ષ લાગશે. પરંતુ કલમ- 56(2)(X) મુજબ પણ ટેક્ષ લાગશે કારણકે જો આવી સ્થાવર મિલકતની જંત્રી કિંમતથી ઓછાનો દસ્તાવેજ બન્યો હોય શકે.

» અગાઉના વર્ષોમાં ભાગીદારી પેઢીમાં સ્થાવર, જંગમ મિલકતો, રજીસ્ટ્રેશન વગર ફક્ત TV એન્ટ્રીથી ચોપડે લાવવામાં આવતી અને છૂટા થનાર ભાગીદારને ચોપડે એન્ટ્રીથી પરત આપવામાં આવતી, આ સંજોગોમાં પણ કેપિટલ ગેઈન ટેક્ષની જવાબદારીમાંથી છટકી શકાશે નહિ. જે ભાગીદાર પોતાની લાવેલી મિલકત પરત લઈ જાય તો પણ હવે કેપિટલ ગેઈન ટેક્ષને પાત્ર થશે.

» જે નાણાંકિય વર્ષમાં આવો વ્યવહાર થયો હોય તો જ કેપિટલ ગેઈન ટેક્ષને પાત્ર રહેશે. એ સંજોગોમાં સવાલ એ ઉપસ્થિત થાય છે કે ત્યારપછીના નાણાંકિય વર્ષ કે વર્ષોમાં મિલકત ટ્રાન્સફરને લગતી અસર આપી હોય તો કેપિટલ ગેઈન ટેક્ષ ત્યાર પછીના વર્ષમાં લાગી શકે?

ક્રમશઃ

# AI નો વધુ પડતો ઉપયોગ કરવાથી માનવનું મગજ કટાઈ તો નહીં જાય ને?



ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ

આપણે આપણા મગજનું કોઈ પણ કાર્ય મશીન પાસે કરાવીએ ત્યારે હકીકતમાં મગજની ક્ષમતા નબળી પડે છે. પહેલા સાદા સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર આપણે મગજનો ઉપયોગ કરીને કરતા હતા ત્યારે આપણું મગજ સતેજ રહેતું હતું. હવે આ કામ કેલ્ક્યુલેટર કરતું હોવાથી મગજની મોંઢે ગણતરી કરવાની શક્તિ ક્ષીણ થઈ ગઈ છે. સાદા સરવાળા કરવા માટે પણ આપણને કેલ્ક્યુલેટરની જરૂર પડે છે. તેવું જ ડગલે ને પગલે AI નો ઉપયોગ કરવાને કારણે બની રહ્યું છે. તમે AI Chat botને છેલ્લે શું કરવાનું કહ્યું હતું? કદાચ તમે તેને કોઈ મુશ્કેલ પ્રશ્નનો જવાબ આપવા માટે નિબંધની રૂપરેખા બનાવવા કહ્યું હશે અથવા મોટા ડેટા સેટનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવા કહ્યું હશે અથવા ખાતરી કરવા માટે કહ્યું હશે કે તમારો કવર લેટર નોકરીના વર્ણન સાથે મેળ ખાય છે. કેટલાક નિષ્ણાતો ચિંતા કરે છે કે આવાં કાર્યોને AI ને આઉટસોર્સ કરવાથી આપણા મગજની શક્તિ ઓછી થાય છે. આ ટેવ આપણી આલોચનાત્મક વિચારસરણી અને સમસ્યા હલ કરવાની ક્ષમતાઓને પણ નુકસાન પહોંચાડી શકે છે.

આ વર્ષની શરૂઆતમાં મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીએ એક અભ્યાસ પ્રકાશિત કર્યો હતો, જેમાં જાણવા મળ્યું હતું કે જે લોકોએ નિબંધ લખવા માટે Chat એપ્લિકેશન GPT નો ઉપયોગ કર્યો હતો, તેમના મગજના નેટવર્કમાં જ્ઞાનાત્મક પ્રક્રિયાઓ સાથે સંકળાયેલી પ્રવૃત્તિ ઓછી થઈ ગઈ હતી. તેમની શીખવાની ક્ષમતામાં થયેલો ઘટાડો ગંભીર ચિંતાઓ ઊભી કરે છે. સહભાગીઓની મગજની પ્રવૃત્તિઓ ઇલેક્ટ્રોએન્સેફાલોગ્રાફી (EEG) નો ઉપયોગ કરીને રેકોર્ડ કરવામાં આવી હતી. એક પ્રક્રિયા દ્વારા તેમની ખોપરી ઉપરની ચામડી પર ઇલેક્ટ્રોડ મૂકવામાં આવ્યા હતા. સહભાગીઓ પાસે AI દ્વારા નિબંધાત્મક પ્રશ્નોનો સારાંશ આપવો, સ્ત્રોતો શોધવા અને ભાષાની શૈલી સુધારવા જેવાં કાર્યો કરાવવામાં આવ્યાં હતાં. વિચારો ઉત્પન્ન કરવા માટે પણ AI નો ઉપયોગ થતો હતો, પરંતુ કેટલાક વપરાશકર્તાઓ માનતા હતા કે AI આ સંદર્ભમાં ખૂબ અસરકારક લાગતું નથી. આ અભ્યાસમાં કુલ ૫૪ સહભાગીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમને MIT અને નજીકની યુનિવર્સિટીઓમાંથી પસંદ કરવામાં આવ્યા હતા.

એક અલગ અભ્યાસમાં કાર્નેગી મેલોન યુનિવર્સિટી અને કો-પાયલટનું સંચાલન કરતાં માઇક્રોસોફ્ટે શોધી કાઢ્યું કે જે લોકો AI પર વધુ પડતા નિર્ભર થઈ જાય છે, તેમની સમસ્યા હલ કરવાની ક્ષમતા નબળી પડી શકે છે. સંશોધકોએ ૩૧૯ વ્હાઇટ-કોલર કર્મચારીઓનો સર્વે કર્યો હતો, જેઓ અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વખત તેમના કામમાં AI ટૂલ્સનો ઉપયોગ કરે છે. તેમને પૂછવામાં આવ્યું હતું કે તેઓ AI નો ઉપયોગ કરતી વખતે ક્રિટિકલ થિંકિંગનો અભ્યાસ કેવી રીતે કરે છે.

આ અભ્યાસમાં AI ને આપવામાં આવેલા ૯૦૦ વિવિધ કાર્યોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. અભ્યાસ મુજબ લોકો AI ની ક્ષમતાઓ પર જેટલો ઓછો વિશ્વાસ કરશે, તેટલી જ ઓછી ટીકાત્મક વિચારસરણીનો ઉપયોગ કરશે. જ્યારે જનરેટિવ AI કાર્યક્ષમતામાં વધારો કરી શકે છે, તે કાર્ય સંબંધિત ઊંડા વિચારોને પણ અવરોધી શકે છે અને સાધનો પર વધુ પડતી નિર્ભરતા લાંબાગાળે સમસ્યા હલ કરવાની ક્ષમતામાં ઘટાડા તરફ દોરી શકે છે, તેમ જણાયું હતું.

બ્રિટનમાં શાળાનાં બાળકો પર પણ આવો જ એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો, જે ઓક્ટોબરમાં ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દર દસમાંથી છ વિદ્યાર્થીઓને લાગ્યું કે AI તેમની શાળાકીય કાર્ય કરવાની ક્ષમતા પર નકારાત્મક અસર કરે છે. આવી સ્થિતિમાં, AI ના ઝડપથી વધી રહેલા ઉપયોગ વચ્ચે પ્રશ્ન એ છે કે શું આપણી જ્ઞાનાત્મક ક્ષમતાઓ નબળી પડવાનો ભય છે? જોકે, આ જરૂરી નથી કે આવું જ હોય, એમ ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસના જનરેટિવ AI નિષ્ણાત ડો. એલેક્ઝાન્ડ્રા ટોમેસ્કુ કહે છે, જેઓ શાળા સર્વેક્ષણો પર કામ કરે છે. તેઓ કહે છે કે અમારો અભ્યાસ દર્શાવે છે કે દસમાંથી નવ વિદ્યાર્થીઓ કહે છે કે AI એ તેમની શાળાકીય કુશળતામાંથી ઓછામાં ઓછી એકમાં સુધારો કર્યો છે, પછી ભલે તે સમસ્યાનું નિરાકરણ હોય, સર્જનાત્મકતા શક્તિ હોય કે પુનરાવર્તન હોય. પરંતુ તે જ સમયે, લગભગ એક ચતુર્થાંશ વિદ્યાર્થીઓ કહે છે કે AI નો ઉપયોગ કરવાથી તેમનું કામ ઘણું સરળ બન્યું છે. તેથી આ મુદ્દો ખૂબ જ સૂક્ષ્મ અને જટિલ છે. ડો. ટોમેસ્કુ એમ પણ કહે છે કે ઘણા વિદ્યાર્થીઓ AIના યોગ્ય ઉપયોગ અંગે વધુ માર્ગદર્શન પ્રાપ્ત કરવા ઇચ્છે છે.

ChatGPTના વડા સેમ ઓલ્ટમેનના જણાવ્યા અનુસાર, તેના સાપ્તાહિક ૮૦ કરોડથી વધુ વપરાશકર્તાઓ છે. ChatGPTએ વિદ્યાર્થીઓને ટેકનોલોજીનો વધુ સારી રીતે ઉપયોગ કરવામાં મદદ કરવા માટે ૧૦૦ પ્રોમ્પ્ટનો સેટ બહાર પાડ્યો છે, પરંતુ યુનિવર્સિટી કોલેજ લંડનમાં કૃત્રિમ બુદ્ધિ અને શિક્ષણ પર સંશોધન કરતા પ્રોફેસર વેન હોમ્સ માને છે કે આ પૂરતું નથી. તેઓ ઇચ્છે છે કે વિદ્યાર્થીઓને તેનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરતાં પહેલાં શિક્ષણ પર AI સાધનોની અસર પર વધુ વ્યાપક શૈક્ષણિક સંશોધન કરવામાં આવે. આજ સુધી શિક્ષણમાં આ સાધનોની અસરકારકતા કે તેમની સલામતી સાબિત કરવા માટે કોઈ સ્વતંત્ર પુરાવા નથી.

પ્રોફેસર વેન હોમ્સ એવા સંશોધન તરફ ધ્યાન દોરે છે જે જ્ઞાનાત્મક કૃશતા સૂચવે છે, એક એવી સ્થિતિ જ્યાં AI નો ઉપયોગ કર્યા પછી વ્યક્તિની ક્ષમતાઓ અને કુશળતા ધીમે ધીમે નબળી પડી શકે છે. તેમનું કહેવું છે કે આ સમસ્યા રેડિયોલોજિસ્ટોમાં જોવા મળી છે, જેઓ દર્દીઓની તપાસ કરતા પહેલા એક્સ-રે સમજવા માટે AI ટૂલ્સનો ઉપયોગ કરે છે. ગયાં વર્ષે હાર્વર્ડ મેડિકલ સ્કૂલ દ્વારા પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે AI એ કેટલાક ચિકિત્સકોના પ્રદર્શનમાં સુધારો કર્યો છે, પરંતુ અન્ય લોકોના પ્રદર્શનને નબળું પણ પાડ્યું છે. સંશોધકો સંપૂર્ણપણે સમજી શક્યા નહીં કે આવું કેમ થયું? અભ્યાસના લેખકોએ માનવ અને AI કેવી રીતે સાથે કામ કરે છે તે સમજવા માટે વધુ સંશોધનની ભલામણ કરી હતી, જેથી એવી પદ્ધતિઓ વિકસાવી શકાય જે માનવ કાર્યક્ષમતાને નુકસાન પહોંચાડવાને બદલે વધારે. પ્રોફેસર હોમ્સને ડર છે કે શાળાના વિદ્યાર્થીઓ તેમના કામ માટે AI પર વધુ પડતા નિર્ભર બની શકે છે, જેના કારણે તેઓ શિક્ષણ દ્વારા પ્રદાન કરવામાં આવતી મૂળભૂત કુશળતા વિકસાવી શકતા નથી. કદાચ કોઈ વિદ્યાર્થીના નિબંધમાં AI ની મદદથી વધુ સારા ગુણ મળે, પરંતુ પ્રશ્ન એ છે કે શું વિદ્યાર્થીઓ ખરેખર પૂરતી સમજણ વિકસાવી રહ્યા છે? તેમનું આઉટપુટ સારું છે, પરંતુ તેમનું શિક્ષણ ખરેખર નબળું પડી રહ્યું છે.

દરમિયાન, ChatGPTની માલિકી ધરાવતી કંપની ઓપનએઆઈ ખાતે આંતરરાષ્ટ્રીય શિક્ષણના વડા જયના દેવાણી કહે છે કે કંપની આ ચર્ચાથી સંપૂર્ણપણે વાકેફ છે. તેમણે ઓક્સફર્ડ યુનિવર્સિટી સાથેના કરારમાં દલીલ કરવામાં પણ ભૂમિકા ભજવી હતી. તેમના મતે ChatGPTનો શ્રેષ્ઠ ઉપયોગ ટ્યુટર તરીકે થવો જોઈએ, ફક્ત સીધા જવાબ આપવાનાં સાધન તરીકે નહીં. અમે બિલકુલ માનતા નથી કે વિદ્યાર્થીઓએ તેમના કામને આઉટસોર્સ કરવા માટે ChatGPT નો ઉપયોગ કરવો જોઈએ. તેઓ સ્ટડી મોડ સેટિંગનો ઉપયોગ કરીને ChatGPT દ્વારા વિદ્યાર્થી કેવી રીતે પ્રશ્નો પૂછી શકે છે તેનું ઉદાહરણ આપે છે. વિદ્યાર્થી જે પ્રશ્ન સમજવામાં મુશ્કેલી અનુભવી રહ્યો છે તે પ્રશ્ન દાખલ કરે છે અને Chatbot તેને ભાગોમાં વિભાજીત કરીને તેને સમજવામાં મદદ કરે છે. મારું માનવું છે કે જો ChatGPTનો ઉપયોગ લક્ષિત અને વિચારશીલ રીતે કરવામાં આવે, તો તે શીખવાની પ્રક્રિયાને ઝડપી બનાવવાની ક્ષમતા ધરાવે છે. પરંતુ પ્રોફેસર વેન હોમ્સ ભાર મૂકે છે કે કોઈપણ વિદ્યાર્થી જે AI ટૂલ્સનો ઉપયોગ કરે છે તેણે સમજવું જોઈએ કે તેમનો તર્ક કેવી રીતે કાર્ય કરે છે અને તેમને પ્રદાન કરતી કંપનીઓ ડેટાને કેવી રીતે હેન્ડલ કરે છે. તેમનું કહેવું છે કે AI માંથી મેળવેલાં પરિણામો હંમેશા ચકાસવા જોઈએ. તે ફક્ત કેલ્ક્યુલેટરનું નવું સંસ્કરણ નથી. તેઓ AI ની દૂરગામી ક્ષમતાઓ અને અસરો તરફ ધ્યાન દોરતાં કહે છે કે હું મારા વિદ્યાર્થીઓને ક્યારેય AI નો ઉપયોગ ન કરવાનું કહેતો નથી, પરંતુ હું કહું છું કે આપણે AI ની બધી ઝીણવટભરી બાબતોને સમજવાની જરૂર છે જેથી આપણે સભાન નિર્ણયો લઈ શકીએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**કાર્નેગી મેલોન યુનિવર્સિટી અને કોપાયલટનું સંચાલન કરતાં માઇક્રોસોફ્ટે શોધી કાઢ્યું કે જે લોકો AI પર વધુ પડતા નિર્ભર થઈ જાય છે, તેમની સમસ્યા હલ કરવાની ક્ષમતા નબળી પડી શકે છે**

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૨૩૭૦ |
| તેજાબી સોનું | ૧૪૨૨૮૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૫૨૫૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૩૯૫૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૨૩૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૪૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૬૩૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |













**ઈ-ટેન્ડરીંગ**
**ગુજરાત સરકાર**
**નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં. ૧૦ સને ૨૦૨૫-૨૬**

કાર્યપાલક ઈજનેરશ્રી, ઉકાઈ જમણા કાઠાં નહેર સંશોધન વિભાગ, આઈ.ટી. આઈ.પાછળ, ઉકાઈ વસાહત, પીરામણરોડ, અંકલેશ્વર પીન.૩૯૩૦૦૧ દ્વારા નહેર ના કુલ- ૫ (પાંચ) કામના ઓનલાઇન ટેન્ડર મંગાવવામા આવેલ છે.

| | |
|---|---|
| (અ) ઓનલાઈન ટેન્ડર લેવાની તારીખ અને સમય | તા. ૩૦/૧૨/૨૦૨૫ થી. ૦૬/૦૧/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક |
| (બ) ફિજીકલ ડોક્યુમેડોક્યુમેન્ટ આર.પી. એ.ડી./ સ્પીડ પોસ્ટ થી સ્વીકારવાની તારીખ | તા. ૧૩/૦૧/૨૦૨૬ સુધી સમય ૧૬.૦૦ કલાક |
| (ક) ઓનલાઈન ડોક્યુમેન્ટ ઓપન તારીખ | તા. ૦૭/૦૧/૨૦૨૬ સમય ૧૧.૦૦ કલાક |

ટેન્ડર ખોલવાનુ સ્થળ. ૧. ૫૦ લાખથી ઉપરના કામો : તા. ૧૫-૦૧-૨૦૨૬ ૧૧:૦૦ કલાકે. (શક્ય હોયતો) અધિક્ષક ઇજનેરશ્રી, સુરત સિંચાઇ વર્તુળ, અથવાલાઇન્સ, એમટીબી કોલેજની બાજુમાં, સુરત - ૩૯૫૦૦૧,
૨. ૫૦ લાખથી નીચેના કામો : તા. ૧૫-૦૧-૨૦૨૬ ૧૫:૦૦ કલાકે. (શક્ય હોયતો) કાર્યપાલક ઈજનેરશ્રી, ઉકાઈ જમણા કાઠાં નહેર સંશોધન વિભાગ, આઈ.ટી. આઈ.પાછળ, ઉકાઈ વસાહત, પીરામણ રોડ, અંકલેશ્વર પીન. ૩૯૩૦૦૧ ટેન્ડર વેબસાઈટ https://tender.nprocure.com
(હવે પછી ટેન્ડરમાં તથા સુધારા વધારા ઓનલાઇન જોવાના રહેશે.)
વધુ માહીતી www.Statetenders.gujarat.gov.in
(વધુ માહીતી માટે ઉપરોક્ત કચેરીએ જાહેર રજા સિવાયના દિવસોમાં સંપર્ક સાધવા વિનતિ છે)
માહિતી/ભરૂચ/૬૬૩/૨૦૨૫



**વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી**
**ટેન્ડર જાહેર નિવિદા (ત્રીજો પ્રયત્ન)**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સરકારશ્રીની નીચે મુજબની ગ્રાન્ટ હેઠળ કામ કરવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ (www.nprocure.com) પરથી તા. ૨૯-૧૨-૨૦૨૫થી જોવા મળશે. અને ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૧૧-૦૧-૨૦૨૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી.,કુરિયર તેમજ રૂબરૂ થી મોકલવાની છેલ્લી તા.૧૬-૦૧-૨૦૨૬ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૧૭-૦૧-૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે.વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાને રહેશે, જેના કોઈ કારણો જણાવવામા આવશે નહીં. ટેન્ડર ડોકયુમેન્ટના કવર ઉપર કામનું નામ તેમજ ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનું રહેશે.

| અ. નં. | યોજનાનુ નામ | કામનું નામ | ટેન્ડરની અંદાજિત રકમ | કોન્ટ્રાકટર ની શ્રેણી | ટેન્ડર ફી અને બાનાની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | નામદાર સરકારશ્રીની ૧૫મુ નાણાંપંચ ૨૦૨૩-૨૪ (અનટાઇડ) | વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં : ૦૧ ખાતે શહિદ ચોક ચાર રસ્તા ખાતે સર્કલ બનાવવાનું કામ. | રૂા. ૧,૪૭,૩૬૪/- + ૧૮% GST | "E-2" અને ઉપરના | રૂા. ૭૦૮/- અને રૂા.૧,૭૩૯/- |

ચીફ ઓફિસર, વલસાડ નગરપાલિકા — પ્રમુખ, વલસાડ નગરપાલિકા
ન. માહિતી/વલસાડ/૭૫૨/૨૦૨૫